૬
૦

અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના આચાર્ય વર્ગ-૨ સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ(કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત (કુલ ૨૮)...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-મકમ/૧૦૨૦૧૪/૬૦૮૫૫૯/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૦/૦૭/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગનો તા:૧૭/૦૪/૨૦૧૫નો સરખા ક્રમાંકનો ઠરાવ
૨. આ વિભાગનો તા:૦૯/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:અનશ/૧૦૧૭/૬૬૭૬૯ (નબા-૫૭)/ગ
૩. આ વિભાગનો તા:૧૯/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:અનશ/૧૦૨૦૧૯/૨૫૭૦૨૦/ન.બા.૪૨/જ
૪. આ વિભાગનો તા:૦૩/૦૨/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:સકછ/૧૦૧૮/૫૫૪૩૯૨-૨૦૩૧/ગ
૫. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા:૨૧/૦૩/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૪/૬૭૧/૨૦૨૦/ક.

આમુખ:

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૧ પરના તા:૧૭/૦૪/૨૦૧૫ના ઠરાવથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના આચાર્ય વર્ગ-૨ સંવર્ગનું સંખ્યા બળ (કેડર સ્ટ્રેંથ) કુલ-૨૧ નક્કી કરવામાં આવેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૨ પરના તા:૦૯/૦૪/૨૦૧૮ના ઠરાવથી આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્ય વર્ગ-૨ સંવર્ગની ૦૪ (ચાર) તેમજ વંચાણે લીધેલ ક્રમ:૩ પરના તા:૧૯/૦૮/૨૦૧૯ના ઠરાવથી આચાર્ય વર્ગ-૨ સંવર્ગની ૦૪ (ચાર) એમ કુલ-૦૮ નવી જગ્યા ઊભી કરવાની મંજૂરી મળેલ છે.

આ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમ:૪ પરના તા:૦૩/૦૨/૨૦૨૦ના ઠરાવથી અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળા (કન્યા), નડિયાદની આચાર્ય સંવર્ગની કુલ-૦૧ જગ્યા રદ કરેલ છે.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમ:૫ પરના તા:૨૧/૦૩/૨૦૨૦ના પત્રથી નવી મંજૂર થયેલ ૦૮ જગ્યા અને રદ થયેલ ૦૧ જગ્યા અન્વયે કુલ-૨૮ જગ્યાનું સંખ્યાબળ નકકી કરવા દરખાસ્ત કરેલ છે.

ઠરાવ:

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની આદર્શ નિવાસી શાળાના આચાર્ય, વર્ગ-૨ સંવર્ગનું સંખ્યાબળ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

| સંવર્ગ | કુલ સંખ્યાબળ | સીધી ભરતીના ફાળાની જગ્યા | બઢતીના ફાળાની જગ્યા | |
|---|---|---|---|---|
| | | | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | મદદનીશ શિક્ષક (ઉચ્ચતર માધ્યમિક) |
| આચાર્ય (વર્ગ-૨) | ૨૮ | ૦૪ | ૦૮ | ૧૬ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની તા:૧૬/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. અ.મુ.સ.શ્રી(નાણાં વિભાગ)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સેવા)ના અંગત સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ)ના અંગત સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(જી.પી.એસ.સી.- સંકલન સેલ), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ૨/૧, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.(પત્ર દ્વારા)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(ગ-પ-શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ-૨૦૨૦.